નં:-ઓએન્ડએમ/સીઆઈઆર/જીઆઈડીસી/
જીએસએફસી/તિત/પોલીસી/૩૭/૧/ ૯૨
જીઆઈડીસી, વડી કચેરી, ઉદ્યોગ ભવન,
ગાંધીનગર.
તા.૦૯/૩/૨૦૧૦.



**//આંશિક સુધારા પરિપત્ર//**

વિષય:- જીઆઈઆઈસી/જીએસએફસી ધ્વારા નિગમની વસાહતોમાં આવેલ એકમ હરાજીથી નિકાલ કરવામાં આવે તે સમયે હાથ ધરવાની કાર્યવાહી બાબત.

સંદર્ભ:- (૧) ગુજરાત સરકારશ્રીના ઉદ્યોગ અને ખાણ વિભાગના ઠરાવ ક્રમાંક-જીએસએફસી/જીઆઈઆઈસી/૧૦૨૦૦૩/૧૭૧૧/પી તા.૭/૨/૨૦૦૪.
(૨) ગુજરાત સરકારશ્રીના ઉદ્યોગ અને ખાણ વિભાગના ઠરાવ ક્રમાંક-જીએફસી(જીઆઈસી)/૧૦૨૦૦૩/૧૭૧૧/પી તા.૫/૯/૦૫.
(૩) અત્રેના પરિપત્ર ક્રમાંક-ઓએન્ડએમ/સીઆઈઆર/જીઆઈડીસી/જીએસએફસી/પોલીસી/૩૭/૧ તા.૨૫/૨/૦૫.
(૪) અત્રેના પરિપત્ર ક્રમાંક-ઓએન્ડએમ/સીઆઈઆર/જીઆઈડીસી/જીએસએફસી/પોલીસી/૩૭/૧/૩૫ તા.૨૧/૮/૦૯.

ગુજરાત ઔદ્યોગિક મુડીરોકાણ નિગમ અથવા ગુજરાત રાજ્ય નાણાંકીય નિગમ તરફથી ઔદ્યોગિક એકમને સ્થાપના માટે મુદતી ધિરાણ કે વિકાસ માટે અન્ય કોઈ પ્રકારે ધિરાણ આપવામાં આવ્યું હોય અને આવા ધિરાણની મુદ્દલ અને વ્યાજની રકમ પરત ચુકવણીમાં એકમ નિષ્ફળ જાય તેવા પ્રસંગોએ સ્ટેટ ફાઈનાન્સીયલ કોર્પોરેશન એકટની કલમ-૨૯ હેઠળ તેઓને ઉપલબ્ધ સત્તાની રૂએ એકમનો કબજો સંભાળી જાહેર હરાજી ધ્વારા આ નિગમો તેઓના બાકી લ્હેણાંની વસુલાત કરે છે. આવા પ્રસંગોએ અન્ય સંસ્થા, નિગમ કે એકમોના બાકી લ્હેણાં અંગે કઈ રીતે કાર્યવાહી કરવી તે બાબતે સ્થાયી સૂચનાઓ સરકારશ્રીના ઉપરોકત સંદર્ભ-૧ અને ૨ થી પાઠવવામાં આવેલ છે.

ગુજરાત ઔદ્યોગિક મુડીરોકાણ નિગમ અથવા ગુજરાત રાજ્ય નાણાંકીય નિગમ તરફથી જયારે ઔદ્યોગિક એકમોને નાણાંકીય સહાય પુરી પાડવામાં આવે તેવા પ્રસંગોએ તેઓ મિલ્કત માર્ગેજ મેળવે છે.

જીએસએફસી/જીઆઈઆઈસી ધ્વારા કબજે લીધેલ ઘણી બધી મિલ્કતો વેચાણ વગર તેમની પાસે પડેલી હતી. જુના બાકી લ્હેણાની મોટી રકમો હોવાથી કોઈપણ ખરીદનાર મિલ્કતોને ખરીદવા તૈયાર થતા નથી જેના કારણે મિલ્કતો વેચાતી ન હતી તેમજ તેના પર સિકયોરીટી અને અન્ય ખર્ચ જીએસએફસી/જીઆઈઆઈસીએ ભોગવવું પડતું હતું. વર્ષો સુધી મિલ્કતને રાખવી પડતી હોવાને કારણે તેની કિંમતમાં પણ ઘટાડો થતો હતો. તેથી આ પરિસ્થિતીનો ઉકેલ લાવવા માટે સરકારશ્રીએ તા.૭/૨/૦૪ અને તા. ૫/૯/૦૫ ના ઠરાવો બહાર પાડેલ છે.

સરકારશ્રીના ઉપરોકત બન્ને ઠરાવોની જોગવાઈ અનુસાર આવા પ્રકારની મિલ્કતો ઉપરની તમામ લ્હેણી રકમની "કટ ઓફ ડેટ" નવો ખરીદનાર મિલ્કતનો કબજો સંભાળે તે તારીખથી ગણવાની રહેશે એટલેકે મિલ્કતનો કબજો સંભાળ્યા તારીખ પહેલાની રકમ તબદીલી સમયે મુલત્વી રાખી પો.રેટાનાં ધોરણે વસુલ કરવાની કાર્યવાહી વડી કચેરી ખાતેથી કરવી જ્યારે મિલ્કતનો કબજો નવા ખરીદનાર જે તારીખે સંભાળે તે તારીખ પછીની લ્હેણી રકમ તબદીલી સમયે નવા ખરીદનારે ભરપાઈ કરવાની રહેશે.

ક્ષેત્રિય કચેરી ધ્વારા આવા પ્રકારની તબદીલીની દરખાસ્ત કરવામાં આવે ત્યારે તેઓએ નિગમની તમામ લ્હેણી રકમનાં નીચે મુજબ બે ભાગમાં દર્શાવવાની રહેશે.

(૧) પો.રેટાના ધોરણે જુદ જુદા મથાળા નીચે તબદીલી સમયે મુલત્વી રાખવાપાત્ર રકમ.

(૨) તબદીલી સમયે જુદા જુદા મથાળા હેઠળની વસુલ કરવાપાત્ર રકમ.

દરખાસ્ત જરૂરી નિર્ણય થવા અર્થે જનરલ મેનેજરશ્રી (વિતરણ) મારફતે ઉપાધ્યક્ષ અને વહીવટી સંચાલકશ્રીને રજુ કરવાની રહેશે.

આ પરિપત્રનો અમલ સરકારશ્રીના ઉપરોકત ઠરાવની તારીખ બાદના કિસ્સાઓને લાગુ પડશે. અગાઉ નિર્ણિત થયેલ કેસો પુનઃ ઉખેડવાના રહેશે નહિ.

ઉપરોકત પરિપત્રનો ચુસ્ત અમલ કરવો તથા પરિપત્ર મળ્યા અંગેની પહોંચ જનરલ મેનેજર (વિતરણ) ને પાઠવવી.

સહી/-
ઉપાધ્યક્ષ અને વહીવટી સંચાલક.

પ્રતિ,
(૧) નિગમના તમામ અધિકારીઓ તરફ.
(૨) ફેડરેશન ઓફ ઈન્ડસ્ટ્રીઝ એસોસીએશન, અમદાવાદ તરફ જાણ સારું.
(૩) નિગમના તમામ માન્ય એસોસીએશન તરફ જાણ સારું.

રવાના કર્યુ
મેનેજર (મહેકમ).